સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ગાંડી, ગુંડાને કૈં કે'તી નથી, શાણીને ઠપકાવે!
ચૂંટાઈને લૂંટો પ્રજાને, સનકારે સમજાવે!
ધમકાવે લોકોને - ગાઈડલાઈન પી જનારા -
વિજય માણનારા - મોત સામે સ્મિત ફરકાવે...
(હજુ ગાંધીનગર પાલિકા ચૂંટણીના ઢોલ તો બાકી)

હાઈકુ

મરે છો પ્રજા !
કોરોના કત્લખાને -
કસાઈ ખૂશ!

નગ્ન નેતાઓ -
નું તો નાહવાનું શું ?
- ને નિચોવે શું!!

(ચૂંટણીઓ કરો અને મોતનું ખપ્પર ભરો)

ચિંતન

તુલસી જગ જીવન અહિત, કતહું કોઉ હિત જનિ ।
સોષક ભાનુ કૃત્સાનુ મહિ, પવન એક ધન દાનિ ॥

ઉપરોક્ત સાખી તુલસીકૃત દોહાવલિમાંથી લેવામાં આવેલ છે.

તુલસીદાસજી કહે છે કે જગતમાં જીવોનું અહિત કરનારા તો ખૂબ છે પણ હિત કરનાર કોઈ એક જ હશે. સૂર્ય, અગ્નિ પૃથ્વી અને વાયુ - પવન જળને સૂકવી નાખ છે, પણ આપનાર તો એક માત્ર મેઘ છે. અહીં તાત્પર્ય એ છે કે બીજાનું અહિત કરનારા તો સર્વત્ર મળશે પણ પરોપકાર પરહિતકારક કોઈ વીરલો જ હશે.

કાગડા, ઘુવડ અને બગલા તો જયાં ત્યાં જોવા મળશે. પણ હંશ તો માનસરોવરમાં જ જોવા મળશે. જગતનું અહંત કરનારાની સંખ્યા તો અધિક જ હોય છે. ઉત્તમ પ્રકૃતિના જીવોનું પ્રમાણ બહુ ઓછું હોય છે. ઉત્તમ કરતાં મધ્યમ પ્રકૃતિના જીવ દશગણા અધિક હોય છે અને અધમથી દુષ્ટ કે નીચની સંખ્યા દશગણી અધિક હોય છે.

સુવિચાર

- જે મધમાઘીઓનાં મુખમાં મધ હોય છે,
  તેમની પૂછડીએ ડંખ જરૂર હોય છે - **પોલેન્ડ કહેવત**
- સંપત્તિ જેટલા સુખો આપે છે તેથી વધુએ વસુલ કરે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જયાં દેડકાઓ બોલનારા હોય ત્યાં ખરેખર મૌન રાખવું એ જ સારું છે - **પ્રિયકાંત પરીખ**
- મૂર્ખતાને ઢાંકવા બ્રહ્માએ મૌન સર્જન કર્યું - **ઓશો**
- અક્કડ ઔર અભિમાન એક માનસિક બિમારી હૈ...
  જિસકા ઈલાજ કુદરત ઔર સમય જરૂર કરતા હૈ...!! - **ધનંજય પ્રધાન**
- નમ્રતા એટલે સિપતથી છૂપાયેલું અભિમાન - **જીવન પાયેય**
- આજનું ઔષધ : ચાર ગ્રામ હરડે પાઉડરમાં બે ગ્રામ તજ પાઉડર સરખું ઉકાળીને તે પાણી નવશેકું સવાર-સાંજ પીવાથી કબજીયાત મટે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

પંચતંત્રની વાત. એક ગધેડાને વાઘ સાથે ઝઘડો થયો. ગધેડો કહે ઘાસ પીળું છે. વાઘ કહે ઘાસ લીલું છે. બંને પહોંચ્યા વનરાજા સિંહ પાસે. ગધેડાએ વનરાજને કહ્યું, 'વનરાજ તમે જ કહો... ઘાસ પીળું હોય ને? વનરાજે કહ્યું, 'હા, ઘાસ પીળું હોય.' આ જવાબથી ગધેડો મોજમાં આવી ગયો. અને બોલ્યો. કે 'આ વાઘ સમજતો નથી કે ઘાસ પીળું હોય. અને એણે મારી સાથે ખૂબ માથાકુટ કરી મને હેરાન કર્યો છે. આપ એને સજા કરો.' સૌની નવાઈ વચ્ચે વનરાજે કહ્યું, 'આ વાઘમાં સમજ ઓછી જ છે! માટે વાઘને એક વર્ષની કેદની સજા કરી દો.' મહારાજનો ન્યાય સાંભળી ગધેડો આનંદમાં આવી ગયો એણે સૌ પ્રાણીઓને કહ્યું કે વાઘ સાવ ખોટો હતો અને વાઘને સજા થઈ.' પ્રાણીઓને આશ્ચર્ય થયું કે આ કઈ રીતે થયું? ગધેડાના ગયા પછી વાઘે વનરાજને કહ્યું 'મહારાજ ઘાસ તો લીલું જ હોય.' સિંહે કહ્યું, 'હા, તારી વાત સાચી છે, ઘાસ તો લીલું જ હોય.' વાઘે કહ્યું, 'તો આપે મને સજા કેમ કરી. અને એવું પણ કહ્યું કે મારામાં સમજ ઓછી છે?' વનરાજ હસ્યા અને કહ્યું, 'તારામાં સમજ ઓછી જ છે... તને એટલે સજા નથી કરી કે ઘાસ પીળું હોય કે લીલું.. મને ખબર જ છે કે ઘાસ લીલું જ હોય... પણ એટલે સજા કરી કે આવી ઘાસની ક્ષુલ્લક બાબત માટે તારા જેવા બહાદુર, ઉચ્ચ કોટિના પ્રાણીએ ગધેડા જેવા મુર્ખ પ્રાણી સાથે ચર્ચા કરી અને વાદવિવાદ કર્યો. અને મારો અને દરબારનો સમય બગાડ્યો. મને તારા પાસે આવા વર્તનની અપેક્ષા ન હતી. એટલે તને સજા કરી છે.' સાર એ છે કે મૂર્ખ પોતે જ સાચા છે એ સાબિત કરવાની જીદ ધરાવતા હોય છે આવા લોકો સાથે વાદવિવાદ ન કરવો. કારણ કે એમની સાથે ઝઘડો કરવામાં કિંમત આપણી થાય મુર્ખની નહિ.

પશ્ચિમ બંગાળમાં રામધૂન

તંત્રીસ્થાનેથી...

રામ ફક્ત વિષ્ણુનો અવતાર નથી. એ મર્યાદા પુરુષોત્તમ છે અને શ્રેષ્ઠતાના અનેક માપદંડોમાં એ શ્રેષ્ઠત્તમ છે. તેઓ આદર્શ રાજા છે. પ્રજાના સુખ ખાતર પોતાના સુખને તિલાંજલી આપી શકે છે. રામરાજય માત્ર ભાજપનું સૂત્ર નથી, એ મહાત્મા ગાંધીનું સપનું પણ હતું : રામ રાજય અને ગ્રામ સ્વરાજ તો હવે બદલાયેલા સંજોગોમાં અશક્યવત્ બાબત બની ગઈ છે - ગામડું શહેર બનવાની હોડમાં લાગ્યું છે. ભારતીય જનતા પાર્ટી શહેરી પ્રજાની પાર્ટી હતી. હવે એ ગામડાં સુધી પહોંચી ગઈ છે. વળી એના ઉચ્ચાભિલાષી નેતાઓ એનો વ્યાપ વધારી જયાં એને પગ મૂકવાની મંજૂરી નહોતી એવાં રાજયોમાં પ્રસ્થાપિત કરવા કૃતસંકલ્પ છે. આગામી વિધાનસભાની ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટી માટે પ્રતિષ્ઠાની ઘટના બની રહી છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી હજી એમના પ્રદેશ અને પ્રજા પર પકડ ધરાવે છે. તેઓ ત્રીજી વાર મુખ્યમંત્રી બનવા આકાશ પાતાળ એક કરી રહ્યાં છે. ત્રીજી વાર મુખ્યમંત્રી બનવા આકાશપાતાળ એક કરી રહ્યા છે. ઘાયલ થયા હોવા છતાં વ્હીલચેરમાં પ્રચાર કાર્ય કરી રહ્યા છે. એમની પાસે પ્રશાંત કિશોર જેવા સલાહકાર છે - વ્યૂહરચનાકાર છે અને હમણાં જ જોડાયેલા વરિષ્ઠ રાજપુરુષ યશવંત સિન્હા છે. પરંતુ સામે ભાજપે મોટી ફોજ ઉતારી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમના વિશ્વાસુ સાથી અમિત શાહને પશ્ચિમ બંગાળની ચૂંટણી જીતવાની ચાનક ચડાવી છે. કૈલાશ વિજયવર્ગીય ત્યાનું સંગઠન સંભાળે છે. રોજના હિસાબે કોઈને કોઈ સેલિબ્રિટી કેસરી ખેસ પહેલી લે છે. લગભગ ત્રીજા ભાગની તૃણમૂલ કોંગ્રેસ ભાજપમાં ભળી ગઈ છે. એક પછી એક ધારાસભ્ય - સાંસદ મમતા બેનરજીની પાર્ટી છોડીને મોદીની છત્રછાયામાં સલામતી અનુભવી રહ્યા છે. મિથુન ચક્રવર્તીએ કોબ્રાની જેમ જીવલેણ ડંખ મારીને મમતાના ગુંડારાજ સમાપ્ત કરવાની વાત કરી છે. રામાયણ સિલિયલના નાયક અરુણ ગોવિલ પ્રમાણમાં વિનમ્ર છે. તેઓ નિખાલસતાપૂર્વક કબૂલે છે કે રાજકારણમાં એમને સમજણ નથી પડતી, પરંતુ મોદીજી સાથે કામ કરવામાં ગૌરવ લાગે છે. ભાજપે મમતા સામે 'રામકાર્ડ' ઊતરીને તૃણમૂલ કોંગ્રેસના પાયા હચમચાવી દીધા છે. આદર્શ રાજકારણ તો એને કહેવાય જેમાં ધર્મનો કોઈ પાર્ટીના લાભાર્થે ઉપયોગ ન કરાય. ભાજપ વહેવારું રાજકારણ ખેલે છે. એક તરફ એ વિકાસની વાતો કરે છે તો બીજી તરફ રામને પણ વટાવી જાણે છે. અરુણ ગોવિલને કયારેક રાજીવ ગાંધીએ પણ કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડવાની ઓફર કરેલી. ભાજપે સૌથી પહેલા 'રાવણ'ને પકડ્યો હતો. અરવિંદ ત્રિવેદીનું હુલામણું નામ જ 'લંકેશ' પડી ગયું હતું. વતનના જિલ્લામાં એ રંગેચંગે કોંગ્રેસના ઉમેદવારને હરાવીને એકવાર જીતી પણ ગયેલા, પરંતુ શિવતાંડવ સ્તોત્ર સિવાય બીજું કશું જ આવડતું નહોતું એટલે બીજી વાર ઊભા રહ્યા ત્યારે નિશા ગામેતી જેવી આદિવાસી અબળાએ હરાવી દીધા હતા. સીતાનો રોલ કરનાર દીપિકા ચીખલિયાએ વડોદરાના પૂર્વ રાજવીને હરાવ્યા પણ ફેરવારકાં ચૂંટણી લડવાની હિંમત નહોતા કરી શક્યા. પ્રજાને કામ કરી જાણનાર કાર્યકર્તા ખપે છે. ઠીક છે, અંજાઈ જઈને એકાદવાર આવી સેલિબ્રિટીને ચૂંટી મોકલે, પણ સરવાળે તો એથી મતવિસ્તારોને જ ભોગવવાનું આવે છે. મોદી અને મમતા વચ્ચેની સ્પર્ધામાં 'બાંગ્લા અસ્મિતા' ના મુદ્દે મમતાનું જ પલ્લું હજી લગી નમતું દેખાઈ રહ્યું છે. મમતા પર પ્રજાને વિશ્વાસ છે. એ ધર્મનું રાજકારણ નહોતાં કરતાં. નાછૂટકે પ્રશાંત કિશોરની સલાહથી એમને પણ હવે એ દિશામાં વળવું પડ્યું છે. એ ચંડીપાઠ કરીને શિવલિંગ પર જળાભિષેક કરીને પોતે પણ 'હિંદુ' જ છે. એની પ્રતીતિ કરાવવા પ્રયાસ કરે છે. જબરી રસાકસી જામી છે. બંગાળ ભાજપના હાથમાં જશે તો પછી દેશમાં ભાજપનું એકચક્રી શાસન સ્થપાઈ જશે. નરેન્દ્ર મોદી વડાપ્રધાન કરતાં વિશેષ 'ચક્રવર્તી' સમ્રાટ બની રહેશે!

કોરોના ફરી માથું ઊંચકી રહ્યો છે?

કોરોના ફરી થવાનું કારણ શું? કોરોના ફરી થવાથી લોકોની માનસિક હાલત બગડી ગઈ છે?

તન દુરસ્તી
મહેન્દ્ર ગજજર

આજે કોઈજ નથી આવ્યું. એ વડના ઝાડની નીચે કોઈ આવીને બેસે એવું વડ ખરા હૃદયથી ઈચ્છી રહ્યું હતું. કેટલાય દિવસોથી કોઈ વડના ઝાડની આજુબાજુ દેખાયું નથી. છેલ્લા ૧૫ દિવસથી વડની ઝાડની નીચે લોકો આવતા જતા નથી. કારણ શું? કોરોના...

કોરોનાના ભયને લીધે કોઈ આવતું જતું નથી. પણ અચાનક કાળા વાદળમાંથી એક સૂર્યપ્રકાશ દેખાય એવું કિરણ નીકળ્યું. કાળા ડિબાંગ વાદળની વચ્ચેથી એક સૂર્યકિરણ નીકળે તો કેવું ભવ્ય ચિત્ર ડેવલોપ થાય એવું જ ચિત્ર ડાહ્યાલાલ પોતાની ખુરશી લઈને વડના ઝાડ નીચે બેસવા આવ્યા ત્યારે લાગતું હતું. ૫ મિનિટ, ૧૦ મિનિટ, અડધો કલાક થયો પણ કોઈ દેખાયું નહીં. ડાહ્યાલાલે કાકીને, ગાંડાલાલને, વિપુલને અને નિલેશને ફોન કર્યો, કોઈનો ફોન બંધ હતો, કોઈએ જવાબ ના આપ્યો. ડાહ્યાલાલ એકલા એકલા મૂછો ઉપર હાથ ફેરવતા ફેરવતા વિચારવા લાગ્યા. માંડ-માંડ કોરોનાએ પોતાના વળતા પાણી બતાવ્યા હતા. અચાનક શું થયું કે જેનાથી પાછા લોકો હોસ્પિટલ ભરતા થઈ ગયા.

કંઈ જ ખબર પડતી નથી. સારું આખી દુનિયામાં ચારેકોર હાહાકાર મચ્યો છે. આપણે ચંદ્ર ઉપર, મંગળ ઉપર અને દરિયાના પેટાળમાં ઘર બનાવી, નગરો બનાવી રહેવાનું વિચારતા હોઈએ ત્યારે એ ન દેખાતી વસ્તુ એટલે વાયરસ જે વિશ્વની માનવજાતને જાણે ગળી ગઈ છે... શું કરવું ? એક કોરોના વાઈરસ કે જેને આખી દુનિયામાં ગજબનું સામ્રાજય જમાવ્યું છે. કોઈ ને કંઈ ખબર પડતી નથી. લાખો લોકોના શબ કોરોનાથી વીંટળાઈને પડ્યા છે. લોકો માનસિક રીતે બહુ જ ખરાબ પરિસ્થિતિમાં છે. જો કે દિવાઓળી વખતે જે તકલીફ જે ભયનો માહોલ એક માણસ, બીજા માણસથી અત્યંત ભયભીત આ બધી પરિસ્થિતમાં અત્યારે ઓખૂબ જ ઘટાડો જોવા મળ્યો છે. ડાહ્યાભાઈએ મનમાંને મનમાં વિચાર્યું કેવો જમાનો હતો. દિવાળીમાં બે મિત્રો સાથે ફરવા ગયા હતા. એક મિત્રને ત્યાંથી ફોન આવ્યો કે ગઈકાલે તમારા પત્નીને કોરોના પોઝીટીવ આવ્યો છે. બંને મિત્રો એકસાથે એક જ ગાડીમાં ફરવા ગયા હતા. ગાડી વાળા મિત્રએ કહ્યું, ભાઈ તારા ઘરમાં કોરોના પોઝીટીવ છે હવે હું તારી સાથે ફરી શકું તેમ નથી કારણ કે મને કોરોનાથી બીક લાગે છે. તને હું ઓલા કરી આપું છું. એના પૈસા પણ હું આપીશ. પણ હું મારી સાથે ફરવા નહીં લઈ જવું. આવી દશા છે અત્યારે તો ખૂબ સારું છે. લોકોને ગભરાટ ઓછો છે. બે માસ્ક પહેરીને સાથે ફરવા પણ જાય છે અને સાથે નોકરી પણ કરે છે.

એટલે કે કોરોનાનો ભય ઓછો થયો છે. છતાં પણ આ ૪-૫ દિવસોમાં કોરોનાનો જાણે રાફડો ફાટ્યો છે. એવી રીતે ટેસ્ટ પોઝીટીવ આવવા માંડ્યા છે. છતાં પણ લોકો ભયભીત ઓછા છે. કારણ કે કોરોનાની દવા લોકોને ખબર પડી ગઈ છે અને કોરોનાની રસી હવે મુકાવાની ચાલુ થઈ ગઈ છે. પણ હજુ વધારે પ્રમાણમાં કોરોનાની રસી આપવામાં આવે તો કોરોના પર જલ્દીથી કંટ્રોલ કરી શકાય. કોરોના ફરી થવાનું કારણ વધારે પડતી લોકોની બેદરકારી છે. દૂધનો ઊભરો જેમ આવે અને જેમ દૂધ ઠરી જાય એમ લોકો ભુલી જ ગયા હતા કે કોરોના હજુ જીવે છે. એટલે બેફામ બનેલા લોકોને ભાનમાં લાવવા માટે કોરોનાએ ફરીથી માથું ઊંચક્યું છે. પણ કંઈ ગભરાવાની જરૂર નથી. પંદરેક દિવસોમાં પાછો કોરોના નોર્મલ થઈ જશે. ફક્ત આપણે થોડી સાવધાની રાખવાની જરૂર છે. જયાં વધારે પડતા લોકો હોય ત્યાં ન જાવો. ક્રિકેટની મેચ ઘરમાં બેસીને ટીવી ઉપર જોવો. લગ્નમાં ખાસ જરૂર હોય તો જ જાઓ. ચૂંટણીમાં વોટિંગ કરવા જાવ ત્યારે ખાસ ધ્યાન રાખો, સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરો, બાકી તો અડધું કામ વેક્સીન કરશે અને અડધું કામ જે લોકોને કોરોના થઈ ગયો છે એ લોકોમાં કોરોના સામે એન્ટી બોડી બનીને કોરોનાને નાથવાનું કામ થશે...

વત્સલ મૂરત, સ્નેહલ સૂરતને વંદન

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

સામાન્ય રીતે દિવસભરની ઓફિસની કામગીરી પૂરી કર્યા પછી સાંજે ઘેર જવાનું થાય ત્યારે ઘરના સભ્યો સાથે સ્વાભાવિક રીતેજ વાતચીતનો દોર શરૂ થાય છે. મારી દિકરી ચિ. નેહલે એક દિવસ આવીજ એક સાંજે થોડા સમય પહેલા એક વાત કરી. આ વાત સ્મૃતિમાંથી વિસ્મૃત થાય તેવી નથી. સહેજે વાતચીતમાં તેણે કહ્યું કે આજે અમારી સોસાયટીની ગલીમાં એક નાના ગલુડિયાના પગ ઉપર કોઈ વાહનચાલકે વાહન ચલાવ્યું. પોતાની પીડા મોટા અવાજમાં વ્યક્ત કરી તે વેદના સાથેજ ગલુડિયું ચૂપ થયું. મારી દિકરી આ વાહનચાલકની પાછળજ હોવાથી થોડીવાર થોભીને તેણે ગલુડિયા તરફ ધ્યાનથી જોયું. નાના બચ્ચાને તાત્કાલિક રાહત થાય તે માટે તેણે ફોન નંબર શોધીને ગાંધીનગરમાં ચાલતા જીવદયા કેન્દ્રમાં ફોન કર્યો. આ પ્રકારની પ્રાણી ઓ માટેની સેવાની વ્યવસ્થા અસરકારક હોવાથી જીવદયા કેન્દ્રનું વાહન સારવાર માટે આવી પહોંચ્યું. મારી દિકરીનો સંપર્ક તેમણે કર્યો જેથી ગલુડિયાની માહિતી મળે. હવે ગલુડિયાને શોધતા ખબર પડી કે અમારે ત્યાં ઘરના નાના-મોટા કામ કરતા બહેન (શારદાબહેન) ગલુડિયાને પોતાને ત્યાં લઇ ગયા હતા. ઘેર લઇ ગયા પછી તેમની નાની એવી ઝૂંપડીમાં કાળજીથી જેવો આવડે તેવો પાટો બાંધીને એક વાટકીમાં દૂધ પાતા હતા. એકથી બે દૂધની કોથળીમાં બાળકો સાથે આખો દિવસ પસાર કરનાર શ્રમજીવી બહેનને વાત્સલ્યભાવમાં પોતાની અછત આડી આવી નહિ. જીવદયા કેન્દ્રની પ્રાથમિક સારવાર બાદ પણ પંદરેક દિવસ સુધી કાળજી રાખનાર આ કામવાળા બહેનની 'મનની મોટાઈ' આ સમગ્ર ઘટના ક્રમમાં કેન્દ્રસ્થાને છે. કવિ ઉમાશંકર જોશીની સુંદર પંક્તિ યાદ આવે છે :

મોટાઓની અલ્પતા જોઈને થાક્યો,
નાનાઓની મોટાઈ જોઈને જીવું છું.

મહિલાઓ સામાન્ય રીતે વિશેષ લાગણી પ્રધાન હોય છે. એક ઉજળું ઉદાહરણ જોઈએ તો સમૃધ્ધ મિલ માલિકના બહેન સનસૂયા સારાભાઈને મિલ મજૂરોના બાળકો જે સ્થિતિમાં હોય તેવાજ પ્રિય હતા. તેઓ આ બાળકો માટે બાલવાડી જેવી સંસ્થાઓ વિકસાવતા હતા. ગાંધીયુગમાં તો આવા અનેક બહેનો વ્યક્તિગત સગવડ કે અગવડનો વિચાર કર્યા સિવાય સામાજિક સેવાના કાર્યમાં જોડાયા હતા.

મહિલાઓના આવા માતૃત્વથી છલકાતા વ્યક્તિત્વને કદાચ આપણે પૂર્ણતઃ ઓળખી શક્યા નથી. જાણતા હોઈએ તો મહિલાઓ બાબતના આપણા પૂર્વગ્રહો આપણાં વર્તનમાં દેખાય છે. સમાજનું વાતાવરણ જયારે મહિલાઓ સંબંધમાં ડહોળાયેલું જણાય ત્યારે કોઈ પણ સંવેદનશીલ નાગરિકને ખિન્નતાનો ભાવ થાય તે સ્વાભાવિક છે. મહિલાઓ સાથેના દુવ્યવહારનો નાનો-શો પ્રસંગ પણ આપણી સામુહિક શરમ ગણાવી જોઈએ. આવી કોઈ ઘટના બને તો તેના પ્રતિકારમાં સમગ્ર સમાજ સ્વેચ્છાએ જોડાય તો જ એક સ્વસ્થ તથા શિક્ષિત સમાજ તરીકેની આપણી ઓળખ મજબૂત બની શકે. કવિ મકરન્દ દવે તેઓ રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કોલેજમાં ભણતા હતા. ત્યારનું એક સુંદર સંસ્મરણ લખે છે. આ સ્મરણ આ વિષયમાં સંદર્ભયુકત છે. મકરન્દભાઈ લખે છે કે કોલેજના કોઈ કાર્યક્રમમાં ઝવેરચંદ મેઘાણી આવ્યા અને તેમણે મેનાગુર્જરીનું ગીત પોતાના બુલંદ સ્વરોમાં રજૂ કર્યું. મેના પૂરેપૂરા ગૌરવના ભાવથી બાદશાહને સંભળાવે છે.

મુને ન જાણીશ એકલી,
મારા ગુર્જર ચડે નવ લાખ રે !

મેના ભય મૂકીને બાદશાહને રોકડું પરખાવે છે. કહે છે કે મને એકલી જાણીને ગુસ્તાખી કરતો હો તો થોભી જજે. મારા નવ લાખ ગુર્જરવીરો મારા અપમાન માટે તારું પગલું દબાવતા આવશે અને તારી સલામતી નહિ રહે ! પછી કોલેજના વિદ્યાર્થીઓને મેઘાણીભાઈએ કહયું કે આ કોલેજની કોઈ દીકરી અપમાનિત થતી હોય તેવા કપરા સમયે એમ કહેશે ખરી કે તેની પાછળ ૫૦૦ ભાઈઓ ઢાલ બનીને ઊભા છે ! જો આ સ્થિતિ હોય તો આ સામુહિક જવાબદારીમાંથી જન્મ લેતી ભાવના અને તેના પરિણામ કાયદાથી પણ વિશેષ અસરકારક બની શકે. માતા-બહેન તરફની ભકિત એ આપણને મળેલો સમૃધ્ધ વારસો છે અને તેથી તેની જાળવણીની જવાબદારી પણ મહદઅંશે આપણી જ છે.

માતા તથા પુત્ર વચ્ચેના સંબંધોની ઉષ્મા કોઈપણ કાળ તથા ગમેતેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ ટકી રહે છે. કવિ બોટાદકરે લખ્યું છે તેમ જનનીની જોડ આ જગતમાં મળતી નથી. પિતા અને પુત્ર વચ્ચેના સંબંધોના તાણાવાણાં જ્યારે નબળા કે ઝાંખા પડે છે ત્યારે પણ માતા અને પુત્ર વચ્ચેના સંબંધોની સૌરભ ઝાંખી પડતી નથી. આથી જ માતૃશક્તિની ઉપાસના એ સમાજ માટે કોઈ ઉપદેશો કે સંપ્રદાય આધારિત નથી પરંતુ લોહીમાં વણાયેલાં ઘાટાં અને ઊંડા સંસ્કાર છે. શ્રી નારાયણ દેસાઈએ ગાંધીજીના જયેષ્ઠ પુત્ર હરિલાલ તથા કસ્તુરબા વચ્ચેના સંબંધોની વાત તથા તેને સંબંધિત એક પ્રસંગનું આલેખન કર્યું છે. હરિલાલના ગાંધીજી સાથેના તંગ સંબંધો વચ્ચે પણ કસ્તુરબા સાથેના હરિલાલના વ્યવહારમાં પૂર્ણતઃ માતૃભક્તિ ઊભરતી હતી. બાપુ અલ્હાબાદથી વર્ધા ટ્રેઈનમાં જતા હતા ત્યારે તેમની મુસાફરીની જાણ લોકોને થઈ હોવાથી લગભગ દરેક રેલ્વે સ્ટેશન ઉપર ગાંધીજીના જય બોલાવતા લોકોની ભીડ જામતી, પરંતુ કટની નામના રેલ્વે સ્ટેશને એક જૂદો પણ મજબૂત જયઘોષ સંભળાયો ''માતા કસ્તૂરબાકી જયલલ્લ એવો નારો પૂરા જોશ સાથે એક વ્યક્તિ કથળેલી શારીરિક સ્થિતિમાં પણ કરતી હતી! આ જયઘોષ કરનાર 'બા ના દિકરાલ્લ હરિલાલ હતા ! ફાટેલા કપડામાં ટોળા વચ્ચેથી માર્ગ કાઢીને હરિલાલ બા ને એક મોસંબી પૂરા સ્નેહથી અને આદરથી આપે છેઃ '' બા, આ તમારા માટે લાવ્યો છું બા, તમે મોસંબી ખાશોને !લ્લલ્લ વાતનો દોર લંબાય તે પહેલા ટ્રેઈનની સ્વાભાવિક ગતિથી બા તથા દુભાયેલો દીકરો જૂદા તો પડયા પરંતુ હરિલાલની આંખોમાં ઉભરાયેલો સ્નેહ કયાંય સુધી બાની આંખમાં અશ્રુ બનીને ઊભરાતો રહ્યો ! 'જનની જન્મભૂમિ શ્ચ સ્વર્ગાદપી ગરિયસી'.

દાંડીકૂચ થકી ગાંધીએ સ્વરાજ આંદોલનમાં જન જનને જોડયા

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

દાંડીકૂચની ઘટના જ સમગ્ર વિશ્વ માટે એક વિરલ ઘટના છે. ગાંધીજી સહિત તેમના સાથીઓ અને સમગ્ર દેશ પણ એવું માનતો હતો કે દાંડીકૂચ શરૂ થાય એ પહેલાં જ તેમની ધરપકડ થશે. કૂચના દિવસે તો તેમની ધરપકડ ના થઈ પણ કૂચના સૈનિકો, અનુયાયીઓ અને જે ગામમાંથી કૂચ પસાર થવાની હોય તે ગ્રામજનો પણ એવી સ્થિતિમાં હતા કે અંગ્રેજ સરકાર બાપુની ધરપકડ કરશે. ધરપકડનો ભય બધાને હતો એક મહાત્મા ગાંધીને જ નહતો કારણકે તેઓ અભય હતા. કૂચ દરમિયાન પણ ગાંધીજીની ધરપકડના થઇ કે ચપટી મીઠું ઉપાડયા પછી પણ તેમની ધરપકડના થઈ. બ્રિટિશ સલ્તનત ગાંધીજીને પકડતી ન હતી પણ જ્યાં જ્યાં સત્યાગ્રહીઓ મીઠાના કર સામે વિરોધ કરે ત્યાં તેમના પર અમાનુષી અત્યાચાર સાથે દરેકની ધરપકડ કરતી હતી. કોઈ ગાંધીવાદી નેતા હોય કે સાવ સામાન્ય ભારતીય તમામની ધરપકડ કરી લેવામાં આવતી હતી. લાઠીચાર્જ કે ધરપકડમાંથી મહિલાઓ પણ બાકાત ન હતી. કારણ સ્પષ્ટ હતું અંગ્રેજો ગાંધીજીને મુક્ત રાખીને ગાંધીનો જનસામાન્ય પરનો પ્રભાવ ઓછો કરવા માગતી હતી. ગાંધીજીની દાંડીકૂચના ઘણા પ્રસંગો એવા છે કે જેની નોંધ આપણે લેવી જોઈએ. એ થકી ગાંધીની ઓળખાણ વધુ દ્રઢ બનશે.

મિસ મેડેલીન સ્લેડ એટલે કે મીરાંબહેન, આ અંગ્રેજ બહેન ૨૫ વરસ ગાંધીજીની સાથે રહ્યા હતા. તેમણે તેમની આત્મકથા 'ધ સ્પિરિટ્ઝ પિલગ્રિમેજલ્લ (ગુજરાતી અનુવાદઃ વનમાળા દેસાઈ, 'એક સાધિકાની જીવનકથાલ્લ)માં દાંડીકૂચનો એક પ્રસંગ આલેખ્યો છે. તા. ૧૧ અને ૧૨ માર્ચ ૧૯૩૦ વચ્ચેની રાતનો પ્રસંગ વર્ણવતા મીરાબહેન લખે છેઃ 'તે રાત્રે સાબરમતી આશ્રમનો એકે એક માણસ જાગતો હતો. બીજા દિવસે કૂચ લઈ જવાની હતી ચોક્કસ ધરપકડ કરશે એવી બીક સૌને હતી સૌ જાગતા હતા. પણ એ સૌની વચ્ચે એક જ માણસ શાંતિથી સૂઈ રહ્યો હતો અને તે હતો મોહનદાસ કરમચંદ ગાંધી!

સવારે સાડા છ વાગ્યે નીકળવાનું નક્કી થયું હતું. ગાંધીજી નાહી ધોઈને પરવાર્યા ત્યારે છ વાગ્યા હતા. તેથી તેમણે કહ્યું હજુ અડધો કલાક બાકી છે ૨૯ મિનિટની નિંદર કાઢી લઉં. આવા તો અનેક પ્રસંગ છે. તેઓ જ્યારે ગોળમેજી પરિષદમાં લંડન ગયા ત્યારે રહ્યા હતા પૂર્વ ભાગમાં, કે જ્યાં ગરીબ વસ્તી રહેતી હતી અને પરિષદ ભરાતી હતી પશ્ચિમમાં જ્યાં શ્રીમંત વસ્તી રહેતી હતી. પૂર્વથી પશ્ચિમ લંડન તરફ કારમાં આવતા જતા ગાંધી ૨૦ મિનિટના રસ્તામાં ૧૯ મિનિટ આરામથી ઊંઘ ખેંચી લેતા હતા. મજાની વાત એ હતી કે તેઓ જેટલી મિનિટ નક્કી કરે તેટલી મિનિટ ઊંઘી શકતા હતા.

આખા દેશના આશીર્વાદ ૧૦૫ વર્ષના વૃદ્ધાએ વ્યક્ત કર્યા હતાઃ 'સવરાજ લઈને વહેલા આવજો'

દાંડીકૂચના રવાના થવાના દિવસે જવાહરલાલ નેહરુ આશ્રમમાં આવ્યા હતા. ગાંધીજી સાથે વાત કરતાં તેમણે કહ્યું કે કૂચ કરવા જઈ રહ્યા છો તો તમે કોઈ યુનિફોર્મ નક્કી કર્યો છે? ગાંધીએ પૂછ્યું યુનિફોર્મ?- એના વિશે તો મેં વિચાર્યું જ નથી. યુનિફોર્મ ન હોય તો માર્ચ કૂચ કેમ થાય? એવો પ્રશ્ન નહેરુએ કર્યો. અને દલીલ કરી તમે તો ઘૂંટણ સુધી પહોંચે એટલું ધોતિયું પણ નથી પહેરતા, ને ઘણાં લોકો લાંબા ધોતીયા પહેરે છે. ગાંધીજીએ કહ્યું 'એમનો ડગલો પણ ખાદીનો છે અને મારું ધોતિયું પણ ખાદીનો છેલ્લ. બાપુએ આટલો જવાબ વાળીને કૂચના સૈનિકોનો યુનિફોર્મ એકસરખો છે એમ જવાહરલાલને સમજાવી દીધું. હસતા હસતા. નેહરુજીને વાત ગળે ન ઉતરી. પછી ૨૯ મિનિટ બાપુ સુઈ ગયા એ સમય એમને મળી ગયો. એ દરમિયાન પોતાની સાથે લાવેલા બિલ્લા તેમણે સૌને આપી દીધા અને તે લગાવવા માટે કહી દીધું. ગાંધીજીને બિલ્લો લગાવવાનું વિચાર્યુંને સુઈ રહેલા ગાંધીજીની ચાદર પર બિલ્લો લગાવી દીધો પણ નહેરુજીને ગણતરીમાં ભૂલ થઈ. ભૂલ એ થઈ ગઈ કે ૨૯ મિનિટ અને ૩૦ મિનિટ વચ્ચે ૬૦ સેકન્ડનું અંતર હોય છે. ગાંધીજી બરાબર ૨૯ મિનિટે ઉઠ્યા. ચાદર ઉપર નહેરુજીએ લગાવેલો બિલ્લો તેમનાં ધ્યાન બહાર ના ગયો. પણ કંઈ બોલ્યા નહીં શાંતિથી ઉઠ્યા અને ચાદર તેમણે ઉંધી વાળી લીધી. એ એવી રીતે વાળી લીધી કે પેલો બિલ્લો અંદર દબાઈ ગયો બહાર દેખાય જ નહીં!!

ગાંધીજી જ્યારે કૂચ માટે રવાના થયા ત્યારે તેમને વિદાય આપવા માટે એક લાખ લોકો એકત્ર થયા હતા. અમદાવાદની વસ્તી એ સમયે ચાર એક લાખની હતી. જો કે વિદાય આપવા માટે ભેગા થયેલા તમામ અમદાવાદના ન હતા. આસપાસના ગામોમાંથી ઘણા લોકો આવ્યા હતા. ભાવનગરથી દિવાન પ્રભાશંકર પટણી પણ આવ્યા હતા. પટણી સાહેબ માટે એવો ગણગણાટ પણ હતો કે તેઓ સરકારના માણસ છે. સરકારે તેમને અહીં મોકલ્યા છે. પ્રભાશંકર પટણી એ એવો જવાબ પણ આપ્યો હતો કે 'હું તો અહીં જે મહાભિનિષ્ક્રમણ થવાનું છે એનો સાક્ષી થવા આવ્યો છું'.

ગાંધીજીની કૂચ ચાલે તેની આગળ ગુજરાત વિદ્યાપીઠની એક ટુકડી ચાલતી હતી. એ ટુકડી અરુણ ટુકડી. સૂરજ ઉગે તે પહેલા આ ટુકડી ઊ